ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

જે માણસ
તમને
સાચી સલાહ આપતો હશે
એ પોતાના જીવનમાં
ઘણું બધું
ગુમાવી ચૂક્યો હશે

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮



**એન જી બારોટ**
સેક્શન અધિકારી, સચિવાલય



**પોપટભાઈ સોમાભાઈ પટેલ**
મો. ૮૪૯૦૦ ૭૪૫૭૬

# માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓનો વ્યાપાર પ્રયાસ



ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા નાનાં પાયે વ્યાપાર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તારીખ-૨૧ થી ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ પાંચ દિવસ, ૯ વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા સેક્ટર-૨૧, શાકમાર્કેટની બહાર, ચર્ચની પાસે સાંજે ૪.૩૦ થી ૭.૩૦ દરમિયાન વિદ્યાર્થીઓએ નાના પાયે વ્યાપાર કર્યો. જેમાં, કટલરીનો સામાન તથા સેન્ડવીચનું વેચાણ કર્યું. આ પ્રયાસ કરવા પાછળનો હેતુ ભવિષ્યમાં વિદ્યાર્થીઓ વ્યાપાર કરી શકે તે માટેનો હતો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક વ્યાપાર કર્યો. શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન તથા સામાન્ય પ્રવાહના શિક્ષકોના પ્રયત્ન થી વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક આ પ્રયાસ સંપન્ન કર્યો.

## લીંબોદરા હાઈસ્કૂલ ખાતે બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૩૦

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા રમતગમત અધિકારી દ્વારા ગાંધીનગર ગ્રામ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા પીપીઆર શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, અતિથિ વિશેષ તરીકે લીંબોદરા ગ્રામ પંચાયતના સરપંચ, જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા, પ્રાંત યુવા અધિકારી રાકેશભાઈ ચૌધરી અને શાળાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો પણ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લોગતી, સમૂહ નૃત્ય, ભજન, લોકવાદ્ય, વક્તૃત્વ, નિબંધ, ચિત્ર સ્પર્ધા જેવી કૃતિઓ જિલ્લાનાં બાળકોએ રજૂ કરી હતી.

# ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં નવરાત્રીની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૩૦

શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાથમિક સ્કૂલ ખાતે નવરાત્રી ઉત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. ધોરણ-૧થી ૮ની ૧૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ શાળાના પટાંગણમાં ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈને ગરબાનો આનંદ માણ્યો હતો.

બેસ્ટ ડ્રેસીસ માટે દિપા વાઘેલા, પ્રિશા કે વાઘેલા, બેસ્ટ પરફોર્મન્સ માટે ભૂમિ રબારી, ધૃવી પરમારને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. ક્રિએટીવ ઝોનનાં વિજ્ઞાન સલાહકાર હર્ષાબેન પટેલના હસ્તે આ વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. નિર્ણાયક તરીકે સરોજબેન અને ઈલાબેન દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. શાળાનાં આચાર્ય તથા સમગ્ર સ્ટાફ પણ વિદ્યાર્થીનીઓ સાથે ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે ઘૂમ્યો હતો.

આચાર્ય નીરૂબેન જે પટેલે ઉજવણીના આયોજક ગીતાબેન, ભગવતીબેન અને વિદ્યાર્થીનીઓને ધન્યવાદ પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતમાં મહાઆરતી બાદ શાળા તરફથી પ્રસાદ વિતરણની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# નિબંધ અને વક્તૃત્ત્વ સ્પર્ધામાં આરાધના વિદ્યાવિહાર વિજયી

ગાંધીનગર, તા. ૩૦

શિક્ષણ, માહિતી અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા કક્ષાએ કારકિર્દી આયોજન સપ્તાહની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી.

આ ઉપક્રમ અંતર્ગત શાળાઓમાં 'તમે સ્વચ્છતા માટે શું કરી શકો?' વિષયે નિબંધ સ્પર્ધા અને 'ડિઝીટલ ઈન્ડિયા' વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન ક્યુડીસી અને ઍસવીઍસ એમ બંને કક્ષાએ કરવામાં આવ્યું હતું.

આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ની વિદ્યાર્થીની દિશા કમલેશકુમાર ડામોરે નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ અને ક્યુડીસી કક્ષાએ યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં હિંમત જે દેસાઈએ તૃતિય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

કેરિયર શિક્ષક કે કે પરમાર અને આચાર્ય વસંતભાઈ પટેલે બંને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ઈન્ટર સ્કૂલ ચેસ ચૅમ્પિયનશીપમાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનું વિજેતાપદ

ગાંધીનગર, તા. ૩૦

પ્રતિભા ઍકેડેમી દ્વારા છઠ્ઠી ગાંધીનગર ઈન્ટર સ્કૂલ ચેસ ચૅમ્પિયનશીપમાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સૅક્ટર-૨૫ના છાત્રોએ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

અન્ડર-૧૪ વિભાગમાં વિધિ પટેલે દ્વિતિય સ્થાને, અન્ડર-૧૧ વિભાગમાં યજુર્વે ઢોલકિયા પાંચમા સ્થાને વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત રવિ પટેલ, અંગત પટેલ, ધ્યાન પટેલ, સંસ્કાર ચૌધરી, ધૈર્ય પટેલે પણ સર્ટિફીકેટ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

તમામ વિજેતાઓને વ્યાયામ શિક્ષક સુરેન્દ્રસિંહ વાઘેલાએ તાલીમ આપી હતી. તમામ વિદ્યાર્થીઓને આચાર્ય સંગીતાબેન, નિર્મલબેન, મેનેજિંગ ટ્રસ્ટી બાબુદાદા અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ડી બી પટેલ, કૅમ્પસ ડિરેક્ટર સી બી પટેલ અને ઍજ્યુકેશન ડિરેક્ટર કે એસ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ગરબા મહોત્સવની ઉજવણી



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે ગરબા રમઝટ-૨૦૧૭નું આયોજન ભવ્ય કરવામાં આવ્યું હતું. તાળીઓ નાતાલે અને સંગીતના સથવારે યુવાધન હિલોળે ચડ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ અને સમગ્ર વેદ પરિવારે આ પાવન પ્રસંગે હાજર રહી વિદ્યાર્થીઓની સાથે ગરબા રમઝટના રંગારંગ કાર્યક્રમનો આનંદ મેળવ્યો હતો.

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી ભાટ ખાતે આજે દાંડિયા સમ્રાટ અરવિંદ વેગડા

ગાંધીનગર, તા. ૩૦

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ ખાતે ૧લી ઑક્ટોબરના રોજ સાંજે દાંડિયા સમ્રાટ અરવિંદ વેગડાના વાયબ્રન્ટ ગરબામાં ૭ હજારથી વધુ લોકો આનંદ માણશે. આ ટૅકનોક્રેટ ગરબામાં એક વિશિષ્ટ આયોજન રૂપે થીમ 'યુનાઈટેડ - ઈન્ડિયા, વિવિધતામાં એકતા' રાખેલ છે. ભારત એક એવો દેશ છે કે જેમાં વિવિધ પ્રકારના લોકો છે, જેમની ભાષા, પહેરવેશ અને ખોરાક પણ ભિન્ન ભિન્ન છે. આજના સમયમાં રાષ્ટ્રવાદ અને પ્રેમના ગુણ બાળકોમાં સીંચવામાં આવે તો દેશનું શિક્ષિત યુવાધન ભારતમાં જ કાયમી વસવાટ કરી દેશમાં ઉદ્યોગોનો વિકાસ કરી



દેશનો વિકાસ કરી શકે છે. ગરબા એ યુવાનોને આજના સમયમાં આકર્ષિત કરે છે. અહીંના ગરબામાં દેશના અલગ-અલગ પ્રાંતની વેશભૂષામાં યુવાનો ગરબા રમશે ને એ રીતે આખું ભારત નવરાત્રીમાં એક થયું હોય એવું વાતાવરણ સર્જાશે. ભારતીયોની ખાસિયત એ છે કે તેઓ દરેક પ્રાંતનાં નૃત્ય, ખોરાક અને સરળતા તથા આનંદથી માણે છે. આ જ વિવિધતામાં એકતાનાં દર્શન થાય છે. નવરાત્રીના ઊર્જા અને શક્તિના પર્વમાં કૉલેજના ગ્રાઉન્ડમાં ગુજરાતની પ્રાણદોરી સમા નર્મદા ડેમ અને અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલનાં સ્ટેચ્યુ ઑફ યુનિટીની પ્રતિકૃતિ પણ તૈયાર કરવામાં આવી છે, જે વિદ્યાર્થીઓ માટે આકર્ષણરૂપ પૂરવાર થશે.

આ પ્રસંગે યુનિવર્સિટી, શિક્ષણ વિભાગ અને સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

## ખેલ મહાકુંભમાં ચૌધરી કન્યા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૩૦

ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધામાં શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થીની મમતા સી ચૌધરી, મિતલ ઍન ચૌધરી, દક્ષા આઈ ચૌધરી અને રીતુ બી ચૌધરીએ ભાગ લઈ પ્રથમ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત અન્ડર-૧૭ વિભાગની કબડ્ડી સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીનીઓએ તૃતિય વિજેતાક્રમ મેળવ્યો હતો. આચાર્ય સંતોકબેન તથા શાળા પરિવારે ખેલાડી બહેનો અને માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે.

## નિબંધ સ્પર્ધામાં આર ઍન સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત ઍન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઓઝોન ડે નિમિત્તે વૈશ્વિક ઉષ્ણતામાનની અસરો અને કારણો વિષયે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આર ઍન પટેલ શાળાના વિદ્યાર્થી હર્ષ ભાવિનકુમાર વ્યાસે ખૂબ જ રસપૂર્વક ભાગ લઈ સમગ્ર રાજ્યમાં દ્વિતિય ક્રમનું વિજેતાપદ અને રૂા. ૧૨૦૦નું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

## જિલ્લા ખેલ મહાકુંભમાં ઍસ. જી. સ્કૂલ ચમકી

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લા ખેલ મહાકુંભમાં બેડમિંટનની સ્પર્ધામાં ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થીની ફલોરા નિલયકુમાર ઍન્જિનીયરે દ્વિતિય સ્થાનનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. સમગ્ર શાળા પરિવાર દ્વારા ફલોરા ઍન્જિનીયરને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા વિસ્તારમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શુક્રવારે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકાની કુલ છ નિશાળોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવી હતી. ગોઢમાં પ્રત્યેક વિદ્યાર્થીને પૅન્સિલ, રબર આપવામાં આવ્યાં હતાં. ત્રેપન છાપરામાં તમામ વિદ્યાર્થીનીઓના પગ ધોઈ પૂજન કરી ચાંદલો કરી નવાં કપડાં આપવામાં આવ્યાં હતાં. તમામને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. નવલપુરમાં નવાં કપડાં તથા નાસ્તો સૌ વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો હતો. સદ્રાલમાં પણ વિદ્યાર્થીઓને કપડાં અને નાસ્તો આપવામાં આવ્યો હતો. ભેટાલી માધ્યમિક શાળામાં બૉલપૅન અને પ્રાથમિક શાળામાં તમામ વિદ્યાર્થીઓને નોટબૂક, ચોપડા, બૉલપૅન અને ૪૦ દીકરીઓને રમવા-કૂદવા માટે દોરડાં આપવામાં આવ્યાં હતાં. ડૉ. સંગીતા ઘાટે, ઉષાબેન તટુ, મિલિન્દભાઈ, યોગેશ અને ગામેતીભાઈ આ સેવાકાર્યોમાં સંસ્થા વતી જોડાયાં હતાં. સ્કૂલ્સના શિક્ષકોનો સહયોગ આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો.

## સીએ જૉબ પ્લેસમેન્ટમાં ૪૦૧ પૈકી ૫૪ ઉમેદવારોએ જ નોકરી સ્વીકારી

ગાંધીનગર, તા. ૩૦

આઈસીએઆઈ અમદાવાદ બ્રાન્ચ દ્વારા તાજેતરમાં કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓગસ્ટ ૨૦૧૭ સુધીમાં સી.એ. થયેલા ૪૦૧ ઉમેદવારો પૈકી ૫૪ ઉમેદવારોએ નોકરી સ્વીકારી હતી. આ પ્લેસમેન્ટમાં કુલ ૯ કંપનીઓએ ભાગ લીધો હતો.

ગત ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૭માં યોજાયેલા પ્લેસમેન્ટમાં ૧૯૦ ઉમેદવારો પૈકી માત્ર ૧૪ ઉમેદવારોએ નોકરી સ્વીકારી હતી. આમ, સી.એ. પ્લેસમેન્ટમાં ઉમેદવારી નોંધાવતા કુલ ઉમેદવારો પૈકી માત્ર ગણતરીના ઉમેદવારો જ નોકરી પસંદ કરી રહ્યા છે. છેલ્લા બે વર્ષના આંકડાઓ જોતાં નોકરી કરવા માટે મોટાભાગના ઉમેદવારો તૈયાર થતા નથી.ગયા વર્ષે સપ્ટેમ્બર ૨૦૧૬માં કુલ ૫૪૧ ઉમેદવારો એનરોલ્ડ થયા હતા. જે પૈકી માત્ર ૩૪ ઉમેદવારોએ જ નોકરી સ્વીકારી હતી. સૂત્રો કહે છે સી.એ.થયા પછી મોટાભાગના ઉમેદવારો નોકરી કરવા કરતાં પોતાની ફર્મ શરૂ કરવા ઈચ્છતાં હોય છે. બે વર્ષમાં નોકરી સ્વીકારનારા ઉમેદવારોની સંખ્યા આ વર્ષે વધુ છે. અમદાવાદ બ્રાન્ચ દ્વારા દરવર્ષે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવે છે. સીએ ઈન્સ્ટિટયૂટના સત્તાધીશો કહે છે ગતવર્ષ કરતાં આ વર્ષે ઓછા એટલે કે ૪૦૧ ઉમેદવારો એનરોલ્ડ થયા હતા. જેમાંથી ૫૪ ઉમેદવારોએ નોકરી સ્વીકારી છે. એટલે કે આ વખતે નોકરી સ્વીકારનારા ઉમેદવારોની સંખ્યા વધી છે. જો કે, સામાન્ય રીતે સી.એ. થયેલા ઉમેદવારો નોકરી કરવા કરતાં પોતાનો બિઝનેસ કરવા ઈચ્છતાં હોવાથી દરવર્ષે આ પ્રકારની સ્થિતિ જોવા મળતી હોય છે.